णघेलानां नाटकमां गवातां गायनो.

રચનાર

ડાહ્યાભાઈ છગનલાલ પંડયા,

તે

वीरसिंहचंद्रिकानां कर्त्ता.

મુંબઈ:

ઓરિયન્ટલ છાપખાનામાં છાપ્યું.

સંવત ૧૯૩૯. અને ૧૮૮૩.

કિંમત ૧ આનો.

૧૭૨૮૦

સારી ચાય, સસતો ભાવ.

ચીનાઈ.

	કિમ્મત રતલના રૂ.	
ફલાવર પીકુ નંબર ૧	૨	
ફલાવર પીકુ „ ૨	૧	
સુ[illegible]ન રોઝ પૌચાંગ	૧	
લમશાની ચાય નંબર ૧	૧	
લમશાની ચાય „ ૨	૦	
સુપરફાઇન પૌચાંગ	૧	
ફલાવરી ઓરેંજ પીકુ		
ફેમીલી મીક્સચર		
ફાઇનેસ્ટ સેન્ટેડ ઓરંજ પીકુ		
ઇમ્પીરિયલ કેસૈ કોંગૈ		
સૌચાંગ		
કેસૈ કોંગૈ...		
બેસ્ટ કોંગૈ		

હીંદુસ્થાની ચાહ.

કાંગ્રાવેલી ફલાવરી ઓરેંજ પીકુ	૧	
કાંગ્રાવેલી એક્સ્ટ્રા ફાઇન ઓરેંજ પીકુ	૧	
[illegible]વેલી એક્સ્ટ્રા ફાઇન પીકુ	૧	
[illegible] એન્ડ ઇન્ડિયન બેસ્ટ ક્વાલીટી દામોદર મીક્સચર	૧	
[illegible]મેલી મીક્સચર	૧	૦
[illegible]ીક સૌચાંગ	૧	૮
[illegible]ાંગ	૦	૧૨

१७१७

करणघेलाना खेलमां गवातां गायनो.

बधां पात्रो संगाथे इश्वर प्रार्थना करे छे.

રાગ—જીલ્લો ઝીંઝોટી.

કરીમ રહીમ તું કર કરૂણા,—(એ રાહ.)

પતીત તણો પ્રભુ પાળક તું,
પાપ અમાપતણા પસ્તાપે દુખવન્હિમાં બળીએ;
રે શ્રીહરી! કામાદિ ક્રોધ ટાળક તું, પતીતતણો—ટેક.
મોહ, સ્વાર્થ, પાપ, તમ, પ્રેર બુદ્ધિ જાય જયમ,
થાય જ્ઞાન આભાસ, ઇન્દ્રિયોનો વાસ, ટળી થાય વિનાસ;
શરણાંગત પ્રતિપાળકનું બિરદ અમે તો ધરીયે, રે શ્રીહરી.

भुतडां समशानमां गाय छे.

રાગ—ધનાશ્રી.

કૃષ્ણ કરો જજમાન,—(એ રાહ.)

પાપ ન છુટે જાણ, સજા વિણ પાપ ન છુટે જાણ—ટેક.
"કરણી જેવી તેવી ભરણી," શાસ્ત્રનું એ પ્રમાણ; સજા. १
લક્ષ ચોરાશી ફેરા ફેરા, જાણે ન જીવ અજાણ; સજા. २
કરમ પુરવનાં જીવને ઘેરી, કરે તાણાતાણ; સજા ३
પોતાનું સુખ પિછાણે જે જન, એજ ચતુર સુજાણ; સજા ४

નગરની સ્ત્રીયો દેવીને મંદીર જતાં ગાય છે.

રાગ—લાવણી.

સુણો સજન ગણો મત.—(એ રાહ.)

ધરો ચરણ ધરણ પર એની તમે જનની માતાની ભણી,
સુખકરણ દુખહરણ દેવી તે, ઊજળવાળ વરણુજ ધણી; —ટેક.
અંબીકા ભવ પાપ, તાપ હારિણી,
મૈંસાસુર મારી, સુર સુખ સુખકારિણી;
રિઝે તો સુખ, લક્ષ્મિ, શાન્તિદાયિણી,
નિજ ભક્તોને ભવસિંધુ પારતારિણી; ધરો ચરણ.

દેવીના મંડપમાં રૂપસુંદરી બીજી સ્ત્રિયો સાથ ગાય છે

રાગ—ગરબો.

અંજની સુત હનુમાન મેરી,—(એ રાહ.)

જગતની માતા, દે સુખ શાતા, તુજ ચરણમાં પડિયેરે,—ટેક.
નારદ, સારદ, ગુણ ગણે છે, શેષ, મહેષ સૌ ઘડિયેરે, જગત ૧
કૃપારૂપી માજી વૃષ્ટિ કરો નિત, દ્વાર તારે આવી અડિયેરે, જગત. ૨

રૂપસુંદરી માધવને જગાડતાં ગાય છે.

રાગ—બિભાસ.

વંદુ દિન પતી ઉદિત ઉદાર,—(એરાહ.)

ઉઠો પ્રિય પતી થયું છે સવાર, થયું છે સવાર, પતી થયું છે સવાર-ટેક
પવન સુવાસિત પુષ્પ કરે છે, મંદ અતિ સુખકાર, ઉઠો.

કમલ સરોવર વિશે વિકાસ્યાં, ભ્રમર છુટ્યા આ વાર, ઉઠો. ૨
સુક, સારિકા, મયુર, કોકીલા, કરે મધુર ઉચ્ચાર, ઉઠો. ૩
સુર્યના કિર્ણોએ દોડી વિદાર્યું, ભુંડું જે અંધકાર, ઉઠો. ૪
રવિને રીઝવવા ધરાએ પેરી, સાડી સોનેરી સાર, ઉઠો. ૫

माधवने परगाम जतो अटकाववा रूपसुंदरी करगरे छे.

રાગ—ઠુમરી.

જટામેં ગંગ શીરીમેં જાપે,—(એ રાહ.)

રૂપસુંદરી—પ્રિય પતી! છોડી જશો નહી મુંને, મન ગભરાય આજે.
માધવ—વ્હાલિ! બિરૂં થવું ઘટે નહી તુંને, નાગરિ સાત લાજે.
રૂપ—ખરૂં પણ કાલ જજો નહી રોકું, ડાબી મુજ આંખ ફરકે,
માધવ—ધીરી પડ ધીર ધરી ઓ અધિરી, વૃથા ડરથી તું થરકે.
રૂપ.—સાથે લ્યોજી, નાથ જોડી હાથ યાચું, જેથી દુઃખ થાય દૂર.
માધવ—આવીશ દિન સાત મહી કહું સાચું, કેશવ ધર રાખું શૂર.

रूपसुंदरी धणीना वियोगथी थयेली हालत वरणवे छे.

રાગ—ગઝલ.

અમેં દુરીશેં જ જલતા હૈ,—(એ રાહ)

"પતી વિયોગે મન મારૂં, બાવરૂં થાયે, બાવરૂં થાયે,
"અતિ ગભરાઇ મુઝાયે. પતી વિયોગે,—ટેક.
શશી વીણ ચકોર ચિત્તમાં, ચટપટ ઝાઝી થાય,
ચાત્રક સ્વાતિ બિંદુની, વાટ જોઇ અકળાય,
વાટ જોઇ અકળાય, ઘડી યુગ જેવી જણાયે. પતી. ૧

મૃગલી છુટી જુથથી, વચ્છ ગાય વિણુ જેમ,
પક્ષિ દાવાનલ વિશે, તરૂણી પતિ વિણુ તેમ;
તરૂણી પતિ વિણુ તેમ, આંસુથી ચીર ભીંજાયે. પતિ. ૨
સર્વેશ્વર સંયોગથી, પતિ વિહિને કાપ,
કદી વિયોગ પડે નહીં, એ વર માગું આપ;
એ વર માગું આપ, જેથી તન તાપ બુઝાયે. પતી. ૩

રૂપસુંદરી કરણના મેહેલમાં તેના ત્રાસથી વિલાપ કરે છે.

રાગ—કલ્યાણ.

કીસ કદર ગેં જો કરૂં યાર,—(એ રાહ.)

ધીરજ ધરાય નહી, સુખ, શાન્તિ થાય નહીં,
કરૂં શું ને જાઉં કહીં, વિશ્વ ખાવા ધાય છે;
પુરવનાં ફુટયાં પાપ, અમાપ તે આપે તાપ,
આ ભવનો આપ, પતી વિહિનો જણાય છે;
સુખ દુખ રૂપ થયું, તન તેજ ઉડી ગયું,
હાડનું પિંજર રહ્યું, છાતી અમુઝાય છે.

રૂપસુંદરી તેની દુખદાયક હાલત જણાવે છે.

રાગ—ઝીંઝોટી.

દરદ ગમ જાને મન એ શીરો,—(એ રાહ.)

જીવું જેનાથી વિશ્વમાં હું, તે ધણી વિણુ શું ગમે?
પાણીનું જંતુ મીન તે, દુખમાં શી રીતે રમે?

પ્રિતીનો રંગ પક્વ જે, મટે ન ધુવો, જો તમે.
ચકોરને હજારો સુર્ય, કહો શશી વિના ગમે! ૧

નગરજનોએ ગુણસુંદરી તરફ દેખાડેલી દયા.

રાગ—બીહાગ.

ગુણસુંદરી સુંદર નાર, અતિ થઇ તજી સંસાર,
તન તાપને બાળી, પતી સાથરે ચાલી. ગુણસુંદરી—ટેક.
ક્ષણભંગુર કાયા સાર, મોહ મમતા ભરી અપાર,
કરી તેનો તીરસ્કાર, નિજ ધર્મ કર્યો સ્વિકાર. ગુણસુંદરી. ૧
ભવસાગર કરશે પાર, કરી સફલ મનુષ અવતાર,
કુલ સ્વર્ગનું સુખકાર, જો અચળ પતી પર પ્યાર. ગુણસું. ૨
ઘટે આપણને આ વાર, જવું સરસ્વતી કિનાર,
આશિષ સતી દુખહાર, શિર કરવી અંગીકાર, ગુણસુંદરી. ૩

માધવ જંગલમાં શોક કરે છે.

રાગ—ભૈરવી.

કહું ગયો રેમેલાદા જાની,—(એ રાહ.)

હવે દશા શી વિશ્વમાં મારી, ગોઇ નારી એ શા દીલ કારીરે. હવે-ટેક.
જતાં પ્રવાશે જાણ્યું ન આવી, થશે સંસારની ખ્વારીરે. હવે. ૧
સાતે તજ્યો દેહ સુટેક માટે. ધર્મ બજાવ્યો ધીર ધારી રે. હવે. ૨
સ્વર્ગે ગઇ નારી તેની સતી થઇ, જન્મ સફળ જયકારીરે. હવે. ૩
ઘર ઘડીમાં વન થયું મુજ, એ તન દુખ છે ભારીરે. હવે. ૪
વન વન ભમતો કરૂં કરણને, વેર રાખું દીલ જારીરે. હવે. ૫

ज्ञात्रालुओ भजन करे छे.

રાગ—ધોલ.

આ તન રંગ પતંગ સરીખો,—(એ રાહ.)

એક હરીનું નામજ સાચું, અન્ય સકળ છે કાચુંજી,
ધન તનમાં જન ફોગટ નાચું, ભજ હરનીશ પ્રભુ યાચુંજી;
માયા, મમતા, મોહ ને આશા, પાશ થકી બંધાયોજી,
કિરતી પિપાસા મરતાં ન મટશે, શ્વાન પેરે રખડાયોજી;
કોડી કોડી જોડી કીધા કરોડો, દોડી અહિ તહિ પીતેજી,
પાઇ ન પુન્યમહીં ખરચાઇ, મરણ થયું નહી ચીતેજી;
દ્રશ્ય પદારથ ઇશ્વર માન્યો, પરમારથ નહી જાણ્યોજી,
જપ, તપ વિના અંતે મુઝાયો, કર્મબંધે જકડાયોજી.

माधव देवीनी स्तुती करे छे.

રાગ—ચતરંગ કલ્યાણની.

મા ચતરંગ રસ શણગારરી,—(એ રાહ.)

સુરંગ અંગી તું બહુચરી, ગાયે છે મૂનીયો,
રૂપછે અનુપ, તારો—આ—સ—રો, સુરંગ—ટેક.
સુંદર ઝર ચીર કોર મઝાની, ત્રી કાળ મૃત ધુમ,
માનની ગાન તનનનન, માનની ગાન તનનનન;
આદરથી ગુણીજન માની, માની નીમ, વાણી દીન,
કે'તું ધનનનનન; સુરંગ અંગી. 1

देवी माधवने उत्तर आपे छे.

રાગ—મરાઠી ચાલની સાકી.

રે માધવ ! શુણ સાવધ થઈને શોકસિંધુ તરાવું,
ધિરજ ધર, પરહર નિરાશા, ધેર મારગ દરશાવું;
જા દીલ્લી છે યવન રાજા, તેને દુ:ખ જણાવું,
તો સરશે તુજ કારજ સરશે, લખ્યું વિધીયે આવું.

जात्राळुओ रातवासो करया पछी भजन ललकारे छे.

કંસાર તાજી મેથીની ભાજી, ખાધો ઝાઝી,—એ રાહ.

ઘાટે ઘાટે, નહીં શું વાટે, જાત્રા માટે, બહુ થાટે,
ચાલો ચાલો ઝટ ઝટ ઝટ;
ગંગ પાને ઘટ ઘટ ઘટ, પાપ ફૂટે ફટ ફટ ફટ,
સંસારની કટ કટ કટ, મટે ધ્યાને ચટ ચટ ચટ, ઘાટે ઘાટે. ૧

रूपसुंदरी आत्मघात करवा अगाऊ ईश्वरोपासना करे छे.

રાગ—સીતાના મહીનાનો.

દુ:ખહરતા દયાળુ દેવ, દુ:ખેથી દબાઈ છું,
નિરાધાર, પરાધીન કાય, જાળે વિંટળાઈ છું;
દશે દિશા ધસે સમશાન, સમી ખાવા મને,
રાત્રિ દીવસ, દિવસ રાત્ર, ચિન્તા લાગી તને;
વિષયી નરનાથને હાથ, પડી હું અનાથ જો,
જગકાર ચડો મુજ વા'ર ધણી હું લાચાર જો;

વિખુટી છુટી વ્હાલાંની પ્રિત, લુટી નશીબે ખરી,
પતિ વિહેં અતિ ગતીભંગ, વિનંતી કરૂં હરી.

एक रजपुत ठाकोर आगल कंचनी गाय छे.

રાગ—પિલુનો ઝીલ્લો.

ધન ધનરે સતીનાર,—[એ રાહ.]

દિન દિન રે પ્રજા પ્યાર, પામો ઝાઝો હો, દિન દિનરે.—ટેક.
રાજનિતીથી નીત વધારો, નવનિત શોભા અપાર. દિન. ૧
ચાર પદારથ સાધો તજીને, અનર્થ વ્યર્થ કુવીકાર. દિન. ૨
સાગરનું ધન ભંડારમાં હો, ન્યાય પ્રવાહ વિસ્તાર. દિન. ૩
ગુણીજનોને પોષણ રૂપે, થાયો સકલ જયકાર. દિન. ૪

हरपालने जोवाथी एक रजपुतनी छोकरी मोहमां पडेछे.

રાગ—ભૈરવીની ગઝલ.

ખ્વાબમેં દેખાકે હુમને આજ,—એ રાહ.

મુખ નિરખીને તે નરનું, વ્યાકુળી તનમાં થઇ,
સ્થિરતા, ધીરતા ભુલી હું, મૂઢ શુન્ય બની ગઇ;
શ્યાથી મારી ચિત્તવૃત્તિ, રે ભ્રમિત બની ગઇ,
કંપું કેમ, કળે ન મુજને, જે હતી તે હું નહીં;
પ્રેમની જ્વાળાથી લાગું, શું કરૂં સુઝતું ન કંઇ,
એકઠી જો થાય આંખો, એજ આશા ઉર મહીં.

नुं लश्कर संग्रामनी तैयारी करतां गाय छे.

રાગ—બીહાગ.

વીધાતા ઓ વીરા જનો રાજ,—[એ રાહ.]

રણાંગણુ વિશે રજપુત પુત આવો,
દારૂણુ યુદ્ધને માટ, શસ્ત્ર ઝળકાવો. રણાંગણ.—ટેક.
રક્ષવા બ્રાહ્મણ ગાય, કોદંડ કોડેથી સાંય,
ધર્મ ક્ષત્રિનો ગણાય, ધજા ફરકાવો. રણાંગણ* 1
તોપ, બંદુક ને તીર, ભાલા, બરછી, ઝંઝીર,
સાંગ, ફરસી, કટાર, અસી લટકાવો. રણાંગણ. 2
મરવું મારવું સાર, આ પાર કે પેલે પાર,
જીતે જયજયકાર, નોબત ગગડાવો. રણાંગણ. 3

अल्लाउद्दीननुं लश्कर कुच करतां गाय छे.

રાગ—એક અંગ્રેજી ગાયનને મળતો.

હમ ટુકડે ટુકડે કરકે દુશ્મનકો રગડેંગે આન,
હમ પાસે લોગ કાફરોકું, મારકરે ઘમસાન. હમ.—ટેક
હમ ડરતે નહી આેર કરતે, જખ્મ બંજરસેં મેદાન,
હમ જંગ મચાવે રંગ, ઉડાવે ગભરાવે કુફરાન. હમ. 1

करणनुं लश्कर लडाई पर कुच करतां गाय छे.

રાગ—ગઝલ.

પડા કોસ લિયે લાહોલ કિયા હમપેં,—[એ રાહ.]

ચોંપે ચલાવો ચરણુ, ટેક ક્ષત્રીનો ધરી,
થાયે અમર નામ જેથી, વાત એ ખરી. ચોંપે.—ટેક.

મલેચ્છ આવ્યા દેશમાં, લડાઇને વરી,
નસાડો મારી તેમનાં, હથીયારને હરી. ચોપે.
રજપુત નામ આપણું, ન ઝાંખું થાય જરી,
ધરે ભુમીને રક્ષવી, સંગ્રામમાં મરી. ચોપે.

અલ્લાઉદીનનું લશ્કર લડાઈ પર ચઢતાં ગાય છે.

રાગ—એક અંગ્રેજી રાહ.

બને હમ જરૂર, બનકે ચકચુર, પેહલવાંન, પેહલવાંન,
શીપાઈ હો બહાદુર, ઓ ફીર ફીર ફીર ફીરતાર. (એવાર.)
ભાલેહે, ભાલેહે, ભાલેહે શમશીર! ઓ ફીર ફીર ફીર ફીરતાર.
દુશ્મનો કે દમ, કોહ કરે જખમ, જાયગે અબ.
જાયગે અબ, સુબી મીલકે હમ, ઓ ફીર ફીર ફીર ફીરતાર.

અલ્લાઉદીનનું લશ્કર વિજયી થઇ શેહેરમાં પ્રવેશ કરતાં ગાય છે.

રાહ—"ઓસીંગ ઉવીનાઉ રાઇટ ચેરીલી."

માલકકી ફજલસે ફતેહ પાયે, દુશમનકો માર ભગવાયે,
શાહગઆે પોહોચ્યા ફુલ્ક, શર કીયા અપની ફોજે ગુજરાત
મુલ્ક, ગુજરાત મુલ્ક, ગુજરાત મુલ્ક, આબાદ ખુશનુમા,
ગુજરાત મુલ્ક, હુરે! હુરે!!
ફોજ અપનીકુ હે શ્યાબાશી, દુશમનકી હુઇ સત્યાનાશી,
હસ્તી હુઇ સારી ખલ્ક, શર કિયા અપની.